મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

☎ ૦૨૬૧-૨૪૬૪૪૩૦

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧
ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in

તા- 25/12/2019

જા.નં. ના.નિ./૨૦૧૯/ ૫૩૨૭

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત.

વિષય: વર્ષ ૨૦૧૯- ૨૦ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થી માટેની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ (ધો- ૧૧-૧૨) યોજનાનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના ઓનલાઈન ફોર્મ ભરી મજુર કરી ચૂકવણુ કરવાનું થાય છે.

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જે અરજીઓ ઓનલાઈન મંજુર કરી તેની નકલ તથા સાધનિક પુરાવા સહીતની દરખાસ્ત અત્રેની કચેરીને રજુ કરવાની થાય છે. તથા દરખાસ્તમાં શાળાની માન્યતાનો લેટર તેના આધાર તેમજ ફી રેગ્યુલેટર કમિટીએ સંસ્થાનું જે ફીનું માળખું મંજુર કરેલ હોય તેના આધાર સાથે દરખાસ્ત ચકાસણી અર્થે અત્રેની કચેરીને રજુ કરવાની થાય છે. તે અંગે અત્રેની કચેરી દ્વારા વારંવાર પત્રવ્યવહાર કરેલ હોવા છતાં આજ દિન સુધી ઘણી બધી શાળાની દરખાસ્ત ફાઈલો અત્રેની કચેરીને મળેલ નથી તથા ઘણી બધી શાળાઓ દ્વારા ઓનલાઇન અરજીઓ પ્રિન્સિપલ લેવલે પેન્ડીગ તથા હાયર ઓથોરિટીને સેન્ડ કરવાની બાકી રહેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેના કારણે શિષ્યવૃત્તિ મંજુર કરવાની તથા ચૂકવણી કરવાની કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે. જેથી તા- ૩૦/ ૧૨/ ૨૦૧૯ સુધીમાં અત્રેની કચેરીમાં હાર્ડ કોપી જમા કરાવી જવા આપની કક્ષાએથી સૂચના કરવા જણાવવામાં આવે છે,વધુ માં જણાવવાનું કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્રસચિવશ્રી તથા નિયામકશ્રીના અધ્યક્ષ સ્થાને લેવાયેલ મીટીંગ તા-૨૩/૧૨/૧૨૦૧૯ અને કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને તા- ૨૧/૧૧/૨૦૧૯ના રોજ લેવાયેલ sc-spની મીટીંગમાં શિષ્યવૃત્તીના ચુકવણા બાબતે તેઓના જણાવ્યા અનુસાર શિષ્યવૃત્તિની તમામ કાર્યવાહી તા- ૩૦/ ૧૨/ ૨૦૧૯ના રોજ પૂર્ણ કરવા જણાવેલ છે. જેથી જે શાળાના વિદ્યાર્થી શિષ્યવૃત્તિનાં લાભથી વંચિત રહી જશે. તો જે-તે શાળાના આચાર્યશ્રીની અંગત જવાબદારી રહેશે. જેની જાણ થવા વિનંતિ.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના:

૧) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર ...............તરફ જાણ સારૂ.

Scanned by CamScanner